સુવિચાર : જીભ તો જન્મના પહેલે દિવસે જ મળી જાય છે, પણ એના ઉપયોગની કળા મેળવવામાં આખી જિંદગી નીકળી જાય છે - મોરારિ બાપુ

તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૫ | ૫ જાન્યુઆરી, ૨૦૧૬, મંગળવાર ; માગશર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પઠાણકોટ : ત્રીજા દિને પણ ઓપરેશન જારી
- પઠાણકોટ એટેકમાં શહીદ જવાનોને દેશની શ્રદ્ધાંજલિ
- BCCIમાં કોઈ નેતા-સરકારી અધિકારને ન રાખવા લોધા કમિટિની ભલામણ
- પાક સીમ અને ઘાતક શસ્ત્રો સાથે ત્રણની ધરપકડ
- તીવ્ર વેચવાલી વચ્ચે સેંસેક્સમાં ૫૩૪ પોઇન્ટનો થયેલો ઘટાડો
- ડોલર સામે રૂપિયો ગગડીને ૬૬.૬૦ની નીચી સપાટીએ
- દેશમાં ૧૮૦૦થી વધુ નવા એફપીઆઈની નોંધણી
- બજેટને તૈયાર કરવા માટે જેટલીની નિષ્ણાતો સાથે ચર્ચા

# ઉત્તર પૂર્વીય રાજ્ય મણિપુરમાં ધરતીકંપ

### ૧૦થી વધુના મોત, સેંકડો લોકો ઘાયલ : ટુંકા ગાળામાં ભારતમાં ત્રીજો પ્રચંડ ભૂંકપ : ધરતીકંપની તીવ્રતા ૬.૭ રિક્ટર સ્કેલ

નવીદિલ્હી,તા. ૪

દેશના ઉત્તરપૂર્વીય ભારતમાં આજે સવારે પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો. જેના કારણે મણિપુર, આસામ અને પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યો હચમચી ઉઠ્યા હતા. ભૂકંપના કારણે ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. ઘાયલ પૈકી ઘણાની હાલત ગંભીર હોવાથી મોતનો આંકડો હજુ વધી શકે છે. ભારતમાં છેલ્લા ૨૬મી ડિસેમ્બર બાદથી ત્રીજો પ્રચંડ આંચકો આવતા વૈજ્ઞનિક સમુદાયની પણ ઉંઘ હરામ થઈ ગઈ છે. આજે સવારે આવેલા આંચકાના કારણે મણિપુરમાં ભારે નુકસાન થયુ છે. વહેલી પરોઢે ૪.૩૬ વાગે આ આંચકો આવ્યો હતો. જેમાં ઈમ્ફાલમાં મોટા પાયે નુકસાન થયુ છે. શ્રેણીબદ્ધ મકાનો ધરાશાયી થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત જ હાથ ધરવામાં આવી હતી. મોતનો આંકડો વધવાની પણ દહેશત છે. કારણ કે ઈજાગ્રસ્તોની સંખ્યા ૧૦૦થી વધારે આંકવામાં આવી છે. કોલકત્તામાં પણ લોકોએ આંચકાનો અનુભવ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ સાથે વાતચીત કરી હતી. પરિસ્થિતી અંગે માહિતી મેળવી હતી. મામલા પર નજર રાખવા માટે મોદીએ રાજનાથસિંહને આદેશ કર્યો છે. રાજનાથસિંહ

● અનુસંધાન પાન-૭ પર





# ભારત-પાકિસ્તાનની મંત્રણા પર સંકટના વાદળો

### મંત્રણા કરતા પૂર્વે પાકિસ્તાનને નવા હુમલાના પુરાવા સોંપાશે : ૧૫મી જાન્યુઆરીના દિવસે બન્ને દેશો વચ્ચે ચર્ચાને લઈને તર્કવિતર્કનો દોર : સરકાર પુરાવા એકત્રિત કરવામાં વ્યસ્ત

નવી દિલ્હી,તા. ૪

પઠાણકોટમાં ત્રાસવાદી હુમલામાં પાકિસ્તાની નાગરિકોની સંડોવણી ખુલ્યા બાદ ફરી એકવાર વાતચીત પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. વાતચીતમાં ફરી એકવાર ત્રાસવાદનો મુદ્દો જ છવાશે. એમ માનવામાં આવે છે કે મોદી સરકાર ૧૪-૧૫મી જાન્યુઆરીના દિવસે બન્ને દેશો વચ્ચે થનાર વિદેશ સચિવ સ્તરની વાતચીત પહેલા પઠાણકોટ હુમલામાં પાકિસ્તાની નાગરિકોની ભૂમિકા અંગે વાત કરશે. પાકિસ્તાની નાગરિક અને ત્રાસવાદીઓની ભૂમિકા આ હુમલામાં ખુલી છે. વધુ પુરાવા એકત્રિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્રાસવાદીઓને પાકિસ્તાન સરકારના સમર્થન પર પણ વાતચીત કરવામાં આવનાર છે. સુત્રોના જણાવ્યા મુજબ પઠાણકોટ એરફોર્સ બેઝ પર ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ મોદી સરકાર ચારેબાજુથી ટિકા ટિપ્પણીનો સામનો કરી રહી છે. હવે સરકાર આ હુમલા સાથે જોડાયેલા પાકિસ્તાની આકાઓ અને જેશના ત્રાસવાદીઓના મુદ્દા પર પણ વાતચીત કરનાર છે. ઈસ્લામાબાદમાં યોજાનાર વિદેશ સચિવ સ્તરની વાતચીત પહેલા ભારત સરકાર આ હુમલાખોરો અને સરહદ પાર બેસેલા આકાઓના મુદ્દા પર વાતચીત કરશે. આ આકાઓ સાથે સંબંધિત દસ્તાવેજો ભારત સરકાર પાકિસ્તાનને સોંપશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વિદેશ સચિવ સ્તરની વાતચીતનો મુખ્ય હેતુ મંત્રણા માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવા અને બેઠકો મામલે કાર્યક્રમ નક્કી કરવાની બાબત રહેશે.

ભારતના મહત્વપૂર્ણ લશ્કરી સ્થળ પર કરવામાંઆવેલા હુમલામાં પાકિસ્તાની નાગરિકોની સંડોવણી સીધી રીતે નજરે પડી રહી છે. સરકાર આ સંબંધમાં થયેલી તપાસના પરિણામથી પાકિસ્તાની હાઈ કમીશનને વાકેફ કરાવી શકે છે. પાકિસ્તાન હમેંશાની જેમ જ હુમલામાં સેનાની અને નાગરિકોની સંડોવણી હોવાના અહેવાલને રદિયો આપી ચુક્યુ છે. જો કે હાલમાં વાતચીતની પ્રક્રિયાને જારી રાખવામાં આવી શકે છે.

Programmer/Developer
VB - Dot Net
Diploma/Degree/MCA
Gavesh Talati
98250 82967

